પ્રભાત ફેરીઓ

("ગુજરાતી" પત્રના તા૦ ૨૪–૮–૩૦ ના
અંકમાંથી)

સંપા૦:

વૃજલાલ કેશવલાલ ઠક્કર
(વૃજકેશવ)

સ્વ. ઠા. કેશવલાલ વિઠ્ઠલદાસના

સ્મરણાર્થે

તેમના પુત્ર વૃજલાલ કેશવલાલ ઠક્કર તરફથી

પ્રભાતફેરીઓના સભાસદોને ભેટ

માતૃચરણે !

જન્મ્યો જગમાં
તુજ કાજ જ, મા !
તુજ માટિ તણી મુજ દેહ બની,
તુજ કારણ તે લડશે રણમાં;
જયકાર કરી ફરશે નહિ તો,
તુજ કારણ તે પડશે રણમાં.

૨

લડતો રણમાં
તુજ કારણ, મા !
લડતાં ડગ પાછું ભરૂં જ નહિ,
જીવ જ્યાં સુધી છે મુજ આ તનમાં;
સમશેર થકી શીર જાય ઉડી,
તુજ કારણ તો ન ધરૂં મનમાં.

૩

મરતો રણમાં
તુજ કારણ, મા !
લડતા રણમાં તુજ કારણ જો—
પડું મર્ણ ત્યારી વીરો—ઢગમાં !
મ નિરાશ થતી, ફરિ જન્મ લઈ—
કરૂં શ્રેષ્ટ સ્વતંત્ર તને જગમાં.

વૃજકેશવ

प्रभातफेरीओ

હિંદની હાલની સ્વરાજ્યની લડતને એક પ્રકારનું યુદ્ધ જ, બન્ને પક્ષ તરફથી ગણવામાં આવે છે; એટલે આખી દુનિયાના દેશો તેને સ્વાતંત્ર્યયુદ્ધ જ ગણી તે તરફ લક્ષ રાખે તેમાં નવાઈ નથી. લડતને લગતી બાબતો તથા બનાવો વર્ણવતાં પણ યુદ્ધના શબ્દો જ વાપરવામાં આવે છે તે, એ લડત પાછળ રહેલી યુદ્ધની મનોવૃત્તિ જ પુરવાર કરે છે. વક્તા કે લેખક એને યુદ્ધની ઉપમા આપે છે. સૈનિક, સરદાર, યુદ્ધ મંડળ, ઝંડો, રાષ્ટ્રધ્વજ, ધાડ, હુમલો, બચાવ, તાલીમ, નિયમન, દળ, ટુકડી, કવાયત, સલામી, કૂચ, છાવણી, પડકાર, કાસદ, સુલેહ, રણમેદાન વગેરે શબ્દો છૂટથી વપરાય છે. હમણાં સપ્રુ–જયકરે ચલાવેલા સુલેહના સન્દેશા પણ યુદ્ધ કે સુલેહનો નિશ્ચય કરવા જ ચાલી રહ્યા છે. નોકરશાહી આગલી લડતોને પ્રજાનો પૂરો ટેકો નથી, એમ મનાવતી અને લડતને રમત કે બહુ તો તોફાન જેટલું મહત્વ આપતી.

પરંતુ આ લડતને તે યુદ્ધ ગણે છે, એમ સુલેહના સન્દેશા ચાલી રહ્યા છે, એ પરથી કહી શકાય. પરંતુ ખરા યુદ્ધમાં મારવું મરવું બન્ને વસ્તુ હોય છે. બલ્કે શત્રુના અધિક સૈનિકો જે મારે તે બહાદુર ગણાય છે, અને અધિક સૈનિકો મારવાને કારણ રૂપ બને તે કુશળ સેનાપતિ ગણાય છે. પણ અત્યારની હિંદની લડતમાં મારવાને તો ખાસ મનાઈ છે. માત્ર મરી છુટી સામાના હૃદયમાં પલટો કરાવવાનો હેતુ રખાયલો છે. જેમ યજ્ઞમાં બલિદાન આપવાનું હોય છે તેમ આમાં પણ ફક્ત બલિદાન આપવાનું જ છે. ફળ તો ઈશ્વર સામાના હૃદયમાં વસીને કે બીજી કોઈ પણ રીતે આપશે, એ માન્યતા એમાં રખાયલી છે. એટલે આ યુદ્ધ ક્ષાત્રવૃત્તિથી નહિ, પણ બ્રાહ્મવૃત્તિથી ચલાવાય છે. પુરાણમાં વર્ણ-વેલા રૂષિમુનિઓના યજ્ઞો અને કર્તવ્યો અને તેમાં ભંગ પાડતા કે વિઘ્ન કરનારાઓની લીલા આ લડતનું વર્ણન કરતાં ઠીક સરખાવી શકાય છે.

*　*　*　*

જેમણે હાલમાં નિકળતી પ્રભાતફેરીઓનો ઝંડાવંદન ઉત્સવ, એકાદ એવા ઉત્સવના ઠેકાણે, એકાદ રવિવારે સવારે, બે ત્રણ કલાક ઉભા રહી જોયો હશે, તે પોતાની જીંદગીના છેડા સુધી, એ દશ્યો ભૂલી જઇ શકશે નહિ. અસલ રૂષિમુનિઓ પોતપોતાના આશ્રમમાં નાના મોટા યજ્ઞો કરતા અને તેનો ઉત્સવ ઉજવતા. પોતપોતાના કુટુંબ પરિવાર સાથે એ યજ્ઞોમાં એક બીજાને ત્યાં જતા અને કેટલીક વાર શાસ્ત્રોની ચર્ચા પણ સભાઓ ભરી કરતા હતા. અત્યારે મુંબઇ જેવા શહેરની ગલી કે માળા દીઠ પ્રભાતફેરીઓ નીકળે છે.

દેશમાં મંડાયલા સ્વાતંત્ર્યયજ્ઞમાં તેઓ ભાગ લઇ રહ્યા છે, એવી સંપૂર્ણ માન્યતા અને ભક્તિભાવથી લોકો કાર્ય કરી રહ્યા છે. સ્ત્રીઓ, બાળકો, જુવાનો અને વૃધ્ધો સૌ સરખા ઉત્સાહથી તેમાં રોજ સવારે નીકળી પડે છે. તેમનાં ખાદીનાં સાદાં છતાં સુંદર વસ્ત્ર, તેમનાં ગાયનોમાં રહેલી ભાવના, તેમના મુખપર રહેલા ઉત્સાહ અને ભક્તિભાવ, તેમની ચાલમાં રહેલો વિનય, લોકો તરફ અને બીજી ફેરીવાળાઓ તરફનો વિવેક, સ્ત્રીઓ તરફનું સન્માન, બાળકો તરફનું વાત્સલ્ય, વૃધ્ધો તરફનો પૂજ્યભાવ, ઝંડો પકડી મોખરે ચાલનારનાં ગર્વપ્રફુલિત શૌર્યોકિત મુખ, તેમનાં ગાયનોમાં રહેલી લાગણીની તીવ્રતા, ઝંડાને વંદન કરતી વખતે તેમના મુખપરની ઉર્મિઓ, નમન કરતી વખતની લીનતા, ટોળેબંધ થતાં તાલીમબદ્ધ સંયમ, બધાની સગવડ જાળવવાની સાવધાની, સ્ત્રીપુરુષ વર્ગ વચ્ચેની સંકોચવૃત્તિ આપમેળે દૂર થઇ જાય એટલી ઉંચી હદે ચઢેલું નૈતિક મનોબળ,—એ આ પ્રભાત ફેરીઓનાં અપૂર્વ લક્ષણો છે. તેમનાં ગાયનોમાં સ્હેલામાં સ્હેલાં, લાવણી અને ગઝલોથી માંડી ઉંચામાં ઉંચાં ઉસ્તાદી ગાયનો છે. પણ તેમાં ક્યાંઇ હલકી મનોવૃત્તિપોષક એક શબ્દ પણ મળતો નથી. ગાયનોમાં કાવ્યશક્તિ ક્યાંક પ્રતિભાયુક્ત હશે તો ક્યાંક લોકશાહીની સરેહ સરળ છતાં હૃદયભેદક હશે. પણ ક્યાંયે ભાવના કે અર્થ વગરનાં ફક્ત શબ્દલાલિત્યનાં જોડકાં તો નહિજ મળે.

*   *   *   *

બુધી વચના અને બધા વગના લોકોને મોઢે સાથે ગવાતાં ગાયનો રાગરાગણી પ્રમાણે તાલયુક્ત, તાનપલટા સાથે, ઉસ્તાદી રીતે ગવાય એવી આશા કોઈ રાખી શકે નહિ અને એવી જરૂર પણ નથી. સાદાં ગાયનો, બેસૂર કે બેતાલી થયા શિવાય એક અવાજે ગવાય તો બસ છે. કસમયના તાનથી શબ્દોને તોડી નાંખવાથી તો સાંભળનારને અર્થબોધ થવામાં હરકત આવે; એટલે તાન તો જે જાણતા હોય તેમણે પણ અંતરા સમયે કે એમજ ઉપયોગ કરવો જોઇએ, અધુરા શબ્દો કે વાકયોની વચમાં નહિ. આ ગાયનો ગાવાનાં છે। તે સંગીતનું પ્રાવિણ્ય દર્શાવવા નહિ, પણ હૃદયના ભાવ દર્શાવવા તેમજ ઉત્તેજવાને છે, એ હેતુ ભૂલી જવાનો નથી. માતૃભૂમિની પ્રાર્થના અને પ્રશંસા, દેશસેવકો તથા દેશનાયકોની પ્રશંસા, સ્વરાજ્ય માટેનો પ્રજાનો નિશ્ચય, સંપ, શૌર્ય, ધૈર્ય, આત્મભોગ અને અહિંસાનું પ્રતિપાદન અને પ્રશંસા કરતાં ગાયનો ગવાય છે, એ યથાયોગ્ય છે. કેટલાંક ગાયનો હાલની પરિસ્થિતિને અનુલક્ષીને લખાયલાં હશે તે આપ મેળે એ પરિસ્થિતિ બદલાતાં પોતાનું કતવ્ય પૂરૂં કરી ભૂલાઈ જશે. જે કેટલાંક સવ કામમાં સરખાંજ લાગે એવાં પ્રતિભાયુક્ત હશે તે ચિરંજીવ બનશે. બન્ને પ્રકારનાં પદોની જરૂર છે, એટલે તેની પરીક્ષા કરવા બેસવાની જરૂર નથી.

*   *   *   *

પ્રભાતફેરીઓપર હજુ સરકારની સામાન્ય રીતે કૃપાદૃષ્ટિ છે એમજ કહેવું જોઇએ. ભાઈ હરગોવિંદ લાલજી જેવા એકાદ પ્રભાતફેરીવાળાનું રાષ્ટ્રીય ઝંડો રક્ષતા કમોત થયું છે, એ જો કે સાચું છે તો પણ એ "તિલકદિન" (તા૦ ૧-૮-૩૦) જેવા મોટા સરઘસની અડફેટમાં આવી જવાથી થયું છે. ખાસ પ્રભાતફેરીની બાબતમાં હજુ સુધી સરકારે કોઈ દમનનીતિનું પગલું ભર્યું નથી. પણ પ્રભાતફેરીમાં જે જે વસ્તુઓ છે તે ઘણીખરી વસ્તુઓપર જુદો જુદો હુમલો સરકાર કરી રહી છે. એટલે સરકાર આ પ્રભાતફેરીઓને પણ ક્યાં સુધી જતી કરશે એ પ્રશ્નજ છે. પરંતુ ત્યાં સુધી એ લોકપ્રિય અને લોકસેવક સંસ્થાઓનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવો, એ પ્રજાનું કર્તવ્યજ છે. પ્રજા એવો ઉપયોગ કરી રહી છે, એ બહુ સંતોષની વાત છે. તેનો વિરોધ કરનારાઓમાં, જે પ્રજાકીય બધી ચળવળોને વગોવવાનો ધંધો લઈ બેઠેલા નોકરશાહીનપંથનાઓનો આપણે વિચાર કરવાની જરૂર નથી. બાકી બધીય સંસ્થાઓ માણસોનીજ બનેલી હોય છે, એટલે માણસોના દોષો તેમાં આવેજ. ઉત્સાહનો અતિરેક થવાથી પણ કેટલા દોષો આવ્યા હશે, તે જરૂર દૂર થવા પ્રયત્ન થવો જોઇએ. સવારના સૂર્યોદય થવા પહેલાં બીજાની અને ખાસ કરી માંદાઓની ઉંઘને ખલેલ પડે તેટલી વહેલી પ્રભાતફેરીઓ ન નિકળવી જોઇએ. બ્યુગલ અને થાળી જેવાં વાજીત્રો બહુ જોરથી ન વગાડવાં જોઇએ. બહુ મોટા ઘાંટાથી પોકાર કરવા કરતાં એક અવાજે અને ધીમેથી નિચા અવાજે ગાવાથી મધુરતા વધે છે અને કોઇની શાંતિ કે નિદ્રાનો ભગ ઓછો થાય છે. ફરવાનો સમય

એકાદ કલાકજ જો હોય તો તેમાં થાક અને ઉત્સાહભંગનો સંભવ ઓછો રહે, અને તેથી આરંભશૂરાનો આરોપ આવતો પણ અટકે.

*　　*　　*　　*

અસલી વિચારનાઓને સ્ત્રીઓ અને પુરૂષો છૂટથી સાથે ભેળાય છે તે પસંદ નહિ આવતું હોય. પણ સ્ત્રીઓને ઘરની ઘુસ બનાવીને અને પુરૂષોથી દૂરની દૂર રાખીને આપણે તેમની જે અજ્ઞાન અને કરૂણાસ્પદ સ્થિતિ કરી છે, તેના પરિણામે સ્ત્રીપુરૂષની અસમાન મનોદશા ઉત્પન્ન થઈ ગૃહસ્થાશ્રમિઓના ઘરમાં વિષમતા અને કલેશ ઉત્પન્ન થયાં છે. સ્ત્રીઓ પુરૂષોને સમાન સહાયક નહિ પણ સેવક જેવી બની રહી છે, પુરૂષોની પ્રગતિમાં જ્યાં ત્યાં પોતાની અયોગ્યતાના કારણે શીલારૂપ થઈ પડે છે. સ્ત્રીઓ અને પુરૂષોની ભિન્ન ભિન્ન વિચારશ્રેણી તથા શિક્ષણને પ્રતાપે બહારની દુનિયાનું સ્ત્રીઓને બહુ જ ઓછું ભાન હોય છે. આ રીતે વિષમતાઓ વધાર્યે જવાથી વિચાર કે આચારમાં ક્યાંઈ સ્ત્રી પુરૂષોનો મેળ મળતો નથી અને સંબંધ દુઃખરૂપ બની જાય છે. સ્ત્રીઓને ઉચ્છૃંખળ થવા જેટલી છૂટ ન આપવી એ ઠીકજ છે. પણ સરખી યોગ્યતાના અને ઉચ્ચ હેતુથી ભેગાં થયેલાં કુટુંબોમાં સ્ત્રીપુરૂષોને મળવાહળવાની છૂટ એ વાજબી છૂટ ગણાવી જોઇએ. સ્ત્રીઓને અમુક હદે છૂટ આપી દુનિયાથી અલગ ન પડી જાય એટલું તો કરવુંજ જોઇએ. મંદિરમાં, મેળામાં, ઉત્સવોમાં સ્ત્રીપુરૂષો અમુક હદે ભેળાય છેજ. તો પ્રભાતફેરીના પવિત્ર વાતાવરણમાં સ્ત્રીઓ પણ સમાનતાથી ભાગ લે તો તેમાં શું ખોટું

છે! આપણા સામાજિક નિયમ પ્રમાણે સ્ત્રીઓ સ્ત્રીઓ સાથેજ ટોળામાં રહે છે. વિનય અને શરમ તેમનાં સ્વાભાવિક લક્ષણો છે. એ લક્ષણો જાળવી રાખી અને તેટલી દુનિયાની હવા સ્ત્રીઓ લે તો તેમાં કાંઈ ખોટું નથી. સવારની તાજગીભરી હવામાં હદમાં રહી નિયમિત ચાલવાની અને ગાવાની ટેવ શરીર અને મનને બહુજ ફાયદાકારક છે.

*   *   *   *

મોટાં સરઘસો પ્રજાનો નિશ્ચય અને અભિપ્રાય જાહેર કરવાને ઉપયોગી છે. તો પ્રભાતફેરીનાં નાનાં સરઘસો સંપ, તાલીમ અને પ્રચારકાર્ય કરવાને કાંઈ ઓછાં ઉપયોગી નથી. વળી નોકરશાહીએ જે જે વસ્તુઓ જુદી જુદી અટકાવી છે, તેમાંથી ઘણી આમાં આવી જાય છે. પ્રભાતફેરીમાં ભાગ લેનારાઓ ઘણાખરા ખાદીના, કાંઈ નહિ તો મીલના સ્વદેશી પોશાકમાં હોય છે. ખાદીની ટોપી નોકરશાહીને ઘણે ઠેકાણે નડે છે, પણ પ્રભાતફેરીઓમાં ખાદીની ટોપીજ ઘણીખરી પહેરાય છે. રાષ્ટ્રીય ઝંડા પર જ્યાં ત્યાં નોકરશાહી હુમલો કરે છે, પણ દરેક પ્રભાતફેરી મોખરે એક એક કે અનેક રાષ્ટ્રીય ઝંડાધારીઓ સિંહગતિએ ચાલ્યા જતા હોય છે. રાષ્ટ્રગીતો પર પણ કાંઈ નોકરશાહીની મહેરબાની નજ હોય, પણ રાષ્ટ્રગીતોનો પ્રભાતફેરીઓમાં વર્ષાદજ વર્ષે છે. દેશના નાયકોનાં ચિત્રો અને સ્થિતિદર્શક દૃશ્યોથી ઝંડાવંદનના ઉત્સવોમાં સામાન્ય પ્રજાને ચાલુ પરિસ્થિતિનું જ્ઞાન આપવામાં આવે છે. ઝંડા જોઈ તેનું મહત્વ

અને તેમાં રહેલી ભાવનાનુ દર્શન થાય છે. સભાઓનું કામ આ ફેરીઓ કરે છે, ભાષણોનું કામ ગાયનો કરે છે. જે મોટા આગેવાનો થવા જેટલી યોગ્યતા ન ધરાવતા હોય છતાં નાની નાની ટોળીઓનાં નાયક થવા યોગ્ય હોય, તેમની કાર્યશક્તિ અને કાર્યેચ્છાને પ્રભાત ફેરીમાં ક્ષેત્ર મળે છે. બાળકોને ઉપદેશ કરતા દૃશ્યોજ વધુ અસર કરે. તેમને ઉત્સવ વળી પ્રિય હોય. પ્રભાતફેરીઓ અને ઝંડાવંદનના ઉત્સવોથી બાળકોપર જે દેશભકિતના અદ્વિતીય અને અપૂર્વ સંસ્કારો પાડે છે તે હિંદના ઉદ્ધારમાં બહુજ અગત્યનો ભાગ ભજવશે. મુંબઈ શહેરમાં આશરે અઢીસો પ્રભાત ફેરીઓ હશે. તેના ફકત પચીસ માણુસોની સરેરાશ ભાગ લેનારની ગણીએ તો પણ પાંચ સાત હજાર માણસો એકજ રાજકીય પ્રચાર કાર્ય કરે એ કાંઈ નાનું સુનું કામ નથી. રચનાત્મક કાર્યક્રમ એટલે ખાદી બનાવવી અને સુતર કાંતવું વગેરે કાર્યક્રમ, જેઓ પ્રભાતફેરીના બદલામાં સૂચવે છે, તેઓ બધાજ કાર્યક્રમો ભાવના અને ઉત્સાહના જોર પરજ ચાલે છે, એ ભૂલી જવું ન જોઇએ. ગાંધીજી ખાદીના રચનાત્મક કાર્યક્રમ માટે દશ વર્ષથી એક સરખી બૂમો માર્યા કરતા હતા છતાં તેની જોઇતી અસર થતી નહોતી. સવિનયભંગની શરૂઆત થતાંજ છેલ્લા ચારેક મહિનામાં ખાદીના અને એકંદરે સ્વદેશીના કાર્યક્રમને જે જોર મળ્યુ છે તે સવિનયભંગમાં રહેલી ભાવના અને ઉત્સાહના જોરથી જ. બહિષ્કારનો શ્રી. વિઠ્ઠલભાઇનો મુખ્ય કાર્યક્રમ પણ સવિનય ભંગના આશ્રયે જ ચાલે છે.

* * * *

પ્રભાતફેરી સંસ્થાઓ નાની શરૂઆતથી આપમેળે જ કોઇ આગેવાનના ખાસ પ્રયત્નો શિવાય ખૂબ ફેલાવો મુબઇ તેમજ બહાર ગામ બધે જ પામી ગઇ છે. તેમાં નજીવા દોષો હશે છતાં પ્રમાણમાં દોષો કરતાં ફાયદાઓ જ અધિક છે, તે કોઇ પણ સમજી શકે તેમ ૯ સંગઠન જેવું રચનાત્મક બીજું કોઇ કાય નથી, અને સંગઠનમાં પ્રભાતફેરીઓ બહુ જ મહત્વનું કાર્ય કરે છે. મુસલ્માનો કે પારસીઓ જ્યારે હિંદુ લત્તાના ઉત્સવમાં ઝંડાવંદન કરવા આવે છે ત્યારે જોનારા અને ભાગ લેનારા બધાની છાતી હર્ષથી ફુલી જાય છે. સંપ પરનાં અનેક ભાષણો કરતાં ભિન્ન કોમોના સાથે ઉજ[illegible]ના ઉત્સવો વધુ કાય કરે છે. આ નાની સંસ્થાઓને પ્રભાતફેરી પૂરતી જ ન ગણતાં તેને કાયમી સ્વરૂપ આપવાથી તેની પાસેથી અનેક પ્રકારનું કાર્ય થઇ શકે તેમ છે. એક બીજાનાં જાહેર કાર્યોપર અંગત એક બીજાની દેખરેખ રહે અને પોતાના ખાનગી તથા જાહેર કાર્યો પર પોતાનાં લતાના મિત્રોની નજર છે, એ જાણ લોકોને ઘણી રીતે સુધારી શકે છે. નોકરશાહીની નજર આ સ્વાતંત્ર્યયજ્ઞની લડતનાં અનેક અંગો પર કરડી છે, પણ હજુ પ્રભાતફેરી પર નથી, એ આપણને કામ કરવાને મોટું ક્ષેત્ર આપે છે. નોકરશાહી કરડી થાય ત્યારે, સવિનયભંગ કરીને; જતા મૂકે ત્યારે, પ્રચારકાર્ય કરીને; બને ત્યારે રચનાત્મક કાય કરીને; ગમે તે રીતે નિમિત્તે કે પ્રકારે દેશસેવા કરનારી, દેશસેવા કરતી સંસ્થાઓ વધારવાની પ્રજાની ફરજ જ છે. આવી ઉપયોગી પ્રભાતફેરી જેવી સંસ્થાઓ જે સ્થપાઇ ચૂકી છે તેને પોષવાનું અને ખીલવવાનું કામ

પ્રજા અને આગેવાનોનું છે. નજીવા દોષોને બહુ મહત્વ ન આપતાં અને તેટલા દૂર કરવાનો પ્રયત્ન કરી, સંસ્થાઓને ટકાવી રાખવી અને પોષવી, એ બધાનું કર્તવ્ય છે.

નટવરલાલ ઇચ્છારામ દેશાઇએ "ગુજરાતી" પ્રેસ, (સાસુન બિલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ નં. ૧) માં છાપ્યું, અને વ્રજલાલ કેશવલાલ ઠક્કરે, (કોલભાટ લેન, કલ્યાણજી હંસરાજનો માળો, કાલબાદેવી રોડ. મુંબઇ) પ્રકટ કર્યું.

રા. વ્રજકેશવ

ના લેખો "દુનિયા અજાયબ બાઝાર"
અથવા કોઈ વાર બીજા મથાળા
નિચે દર અઠવાડીયે "ગુજરાતી"
પત્રમાં પ્રગટ થાય છે.

——:o:——

——:o:——